જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૭/૨૦૧૯ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૪૦/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી અને ૧૫૫ લીટર દેશી દારૂ, ૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી, ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૯,૩૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૪૧/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૧૪૨/૧૯

**વસ્ત્રાપુર** : અનંગભાઇ વિનયભાઇ મિસ્ત્રી (ઉ.વ.૩૯)(રહે.સર્વેશ્વર ટાવર ઉદગમ સ્કુલ ની પાછળ થલતેજ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૬/૧૯ ના કલાક ૭/૦૦ થી આજદીન સુધી ના સમયગાળા દરમ્યાન આરોપી રોશનભાઇ પટેલ (રહે.સર્વોદય કોમ્પલેક્ષ અલ્કાપુરી વડોદરા) એ અનંગભાઇ ને વિશ્વાસમા લઇ, તેમની પાસેથી એર ટીકીટ લેવા સારૂ કુલ રૂપિયા ૩૩,૮૮૦/- મેળવી લઇ, એર ટીકીટ નહી આપી, તેમજ રૂપિયા પણ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.ગુરુદેવ ચલાવે છે.

## સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :- સમાચાર યાદી નં.૧૧૪૩/૧૯

**સોલા હાઈકોર્ટ**ઃ રમીલાબહેન વા/ઓ હિરાલાલ બારોટ (ઉ.વ.૬૭) (રહે.સર્જન ટાવર, ગણેશ સ્કાયલાઇન ની બાજુમા, વંદેમાતરમ રોડ, ગોતા) તા.૦૮/૦૭/૨૦૧૯ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે ગોતા વંદેમાતરમ આર્યન પ્રાઇડ ખાતે થી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) રમીલાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા છે. આ અંગેની ફરીયાદ રમીલાબહેન બારોટ એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.ડી.પટેલ ચલાવે છે.

**વેજલપુર** : બસંતિબહેન વા/ઓ દિનેશભાઇ પટેલ (ઉ.વ.૪૨)(રહે.ત્રીજા માળે અસ્વલેખા ફ્લેટ દેસાઇપાર્ક ની બાજુમા વસ્ત્રાપુર રેલ્વે લાઇન રોડ જીવરાજ પાર્ક) તા.૦૭/૦૭/૨૦૧૯ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે અશ્વલેખા ફ્લેટ ની આગળ રોડ ઉપર થી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) બસંતિબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૨,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા છે. આ અંગેની ફરીયાદ બસંતિબહેન પટેલ એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.વણઝારા ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૪૪/૧૯</u>**

**એલીસબ્રીજ** : શિવકુમાર મથુરાપ્રસાદ ચૌરસીયા (ઉ.વ.૩૨)(રહે.શ્યામ બંગ્લોઝ પડકોત્રા ગામ, અંકલેશ્વર જી.ભરુચ)એ તા.૮/૭/૧૯ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૭/૨૦૧૯ ના કલાક ૬/૧૫ થી તા.૦૬/૦૭/૨૦૧૯ બપોરના ૧/૦૦ વાગ્યા દરમ્યાન એલીસબ્રીજ ચાર રસ્તા ની સામે આવેલ નાળીયેરની લારી નજીક રોડ પર આવેલ બે અજાણ્યા ઇસમો (૩૫ થી ૪૦ વર્ષના આશરાના) શિવકુમાર ને વાતોમા ભોળવી, ચોકલેટમાં કોઇ પદાર્થ નાંખી શિવકુમાર ને ખવડાવી બેભાન કરી, તેઓની પાસે રહેલ પર્સ કે જેમાં એટીએમ કાર્ડ, પાનકાર્ડ, રોકડ રૂપિયા ૨૫૦૦/- તથા પેન્ટના ખીસ્સામાંથી મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૮,૦૦૦/-, ગળામા પહેરેલ સોનાનું પેન્ડલ કિંમત રૂપિયા ૪,૦૦૦/- તેમજ તેમની સ્કુલ બેગમાંથી ડ્રાઇવીંગ લાયસન્સ, લીવીંગ સર્ટીફીકીટ, માર્કશીટ, ભારતીય પાસપોર્ટ, પાનકાર્ડ તથા અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૧૪,૫૦૦/- મતાની તેમજ શિવકુમારના એસ.બી.આઇ. બેંકના એટીએમ દ્વારા તા.૦૫/૦૭/૨૦૧૯ ના રોજ જુદા-જુદા ચાર ટ્રાન્જેકશન દ્વારા રૂપીયા ૪૦,૦૦૦/- તથા તા.૦૬/૦૭/૨૦૧૯ ના રોજ બે ટ્રાન્જેકશન દ્વારા ૧૧,૫૦૦/- મળી કુલ રૂપિયા ૬૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.પી.જેબલીયા ચલાવે છે.

**ઓઢવ** : મિતેશભાઇ ચિમનભાઇ પટેલ (રહે.આદર્શ લાઇફ ટાઇમ ફલેટ વેદાંત સ્કુલની બાજુમાં નિકોલ) એ તા.૮/૭/૧૯ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૭/૨૦૧૯ સાંજના ૫/૦૦ થી તા.૦૬/૦૭/૨૦૧૯ ના કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન સીંગરવા મધુરમ એસ્ટેટ સામે ગીરીવર ગ્લોબ્સ એસ્ટેટ શેડ નં-૧૫ “ઓરબીટ ઇંડેકશન” નામના કારખાનાના કંમ્પાઉડમાં શટર પાસે મુકેલ કોપર ઇન્ડકશન કોઇલ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- મતાના કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.ચૌહાણ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૪૫/૧૯</u>**

**“એમ” ડીવિઝન ટ્રાફિક પો.સ્ટે.** : ભગવાનસિંહ ચકુરાભાઇ માલીવાડ (ઉ.વ.૪૩)(રહે.કુશલ આવાસ યોજના, અયોધ્યા એપાર્ટમેંટ ની પાછળ વટવા) તા.૦૮/૦૭/૧૯ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે વિશાલા રેસ્ટોરંટ સામે રોડ ઉપર પોતાની મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક ઇનોવા કાર નંબર જીજે.૦૧.આર.જી.૮૯૯૮ ના અજાણ્યા ચાલકે કાર પુરઝડપે અને બેદરકારી થી ચલાવી લાવી, ભગવાનસિંહના મોટર સાયકલને ટક્કર મારતા, ભગવાનસિંહને છાતીના ભાગે ગંભીર ઇજાઓ થતા, સારવાર માટે તેમને વી.એસ.હોસ્પીટલ ખાતે લઈ જતા, રાતના ૧૦/૪૫ વાગે ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ ભગવાનસિંહના ભત્રીજા પ્રવિણભાઇ માલીવાડ એ “એમ” ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.કટકડી ચલાવે છે.

**૧૪ મા માળે થી પડી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૧૪૬/૧૯**

**વસ્ત્રાપુરઃ** કોલોનેટ બીલ્ડીગ નંબર-૨ નવી બનતી બિલ્ડીંગ ખાતે રહેતા અને ત્યાં જ કડીયા કામ કરતા રવિન્દ્રકુમાર બહાદુરભાઇ કુસ્વાહ (ઉ.વ.૨૦) (મુળ વતનઃ નગલા ખેરી સહાના તા-રૂપવાસ જી-ભરતપુર રાજસ્થાન) તા.૦૮/૦૭/૧૯ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે ૧૪ મા માળેથી ઉતરવા જતા ગટર લાઈનની ખૂલી જગ્યાએ થી ૪ થા માળે પડી જતા, ગંભીર ઈજાઓ થતા સારવાર માટે મેડીલીંક હોસ્પીટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દેવેન્દ્રસિહ ઈન્દ્રસિહ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૧૪૭/૧૯**

**ગાયકવાડ હવેલીઃ** મુમતાજબાનુ વા/ઓ ઇરફાનભાઇ શેખ (ઉ.વ.૩૮) (રહે. પાંચમો માળ અલરીધાન ફ્લેટ નવગરી કાચની મસ્જીદ પાસે જમાલપુર) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૭/૧૯ સાંજના ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે શીફા હોસ્પીટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન સાંજ ના ૭/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પ્રો.પો.સ.ઇ.શ્રી પી.એન.પ્રજાપતિ ચલાવે છે.

**વેજલપુરઃ** જીતેન્દ્રભાઈ મહેન્દ્રભાઈ વાળોદરા (ઉ.વ.૨૯) (રહે.ન્યુ વૈભવી સોસાયટી સમા સોસાયટીની બાજુમાં મકરબા રોડ વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૮/૭/૧૯ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને શ્યામલ ચાર રસ્તા પાસે આવેલ પારેખ હોસ્પીટલમાં લાવતા સારવાર દરમ્યાન બપોરના ૨/૪૫ વાગે ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી શૈલેષકુમાર ધીરુભાઇ ચલાવે છે.

**સરખેજઃ** કમલેશ ખેમાભાઇ મકવાણા (ઉ.વ.૨૨) (રહે. ઇન્દીરાનગર મકરબા સરખેજ) એ અગમ્ય કારણસર તા.૮/૭/૧૯ કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.આર.ચૌધરી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.